# ધનસુરા-માલપુરમાં ભરચોમાસે પાણીની તંગી : રહીશોમાં રોષ

ધનસુરા, તા.૧૪

સમગ્ર ગુજરાતમાં જયારે મેઘરાજા રીસાઈ ગયા છે ત્યારે આ વર્ષે ચોમાસુ નિષ્ફળ ગયું હોઈ તેવું મહદંશે લાગી રહયુ છે. અને તળાવો, કુવા વગેરે જળસ્ત્રોતો નીચા જવા પામ્યા છે. ત્યારે અરવલ્લી જીલ્લાના ધનસુરા તાલુકામાં પાણીની અછત સર્જાવા માંડી હોય તેવું લાગી રહયુ છે.

અરવલ્લી જીલ્લાના ધસુરા માં આવેલ માલપુર ચોકડી વિસ્તારમાં છેલ્લા છ મહિનાથી પીવાના પાણી માટે વલખા મારતા રહીશો સામે પંચાયતની નજર કેમ નથી પડતી તે એક મોટો પ્રશ્ન છે. આ વિસ્તાર માં છેલ્લા છ મહિનાથી પંચાયત દ્વારા આપવામાં આવતું પીવાનું પાણી રહીશોના ઘર સુધી ના પહોંચતું હોવાથી વારંવાર પંચાયતમાં જઈ મૌખીક રજુઆતો કરવામાં આવી છે. છતાં પંચાયતના પદાધિકારીઓ દ્વારા મજુર નથી બે દિવસ પછી આવે એટલે કામ ચાલુ કરાવીએ નું રટણ સાંભળી સાંભળી ને થાકી ગયા છે. પંચાયત દ્વારા થોડાક દિવસો અગાઉ હરસિદ્ધીનગર સોસાયટીના રહીશો ને પાણી ન આવતું હોવાથી નવીન પાઈપલાઈન નાખી આપવામાં આવી હતી. પરંતું ત્યાંથી થાડીક દુર આવેલ માલપુર ચોકડી વિસ્તા સુધી ખોદકામ કરાવી પાઈપ લાઈન બદલવાની વાતતો એકબાજુ રહી પણ વિચાર પણ આ અધિકારીઓને ના અવ્યો અને પાણીની પાઈપ લાઈનનું કામ ત્યાં સુધી જ પુર્ણ કરી નાખ્યું. માલપુર ચોકડીના રહીશો છેલ્લા છ મહિનાથી પંચાયત માં જઈ મૌખીક રજુઆત કરે છે. છતાં પંચાયત દ્વારા પાઈપલાઈન બદલવાની કોઈજ કામગીરી હાથ ધરવામાં આવતી નથી. અને જો કોઈ કામગીરી કરવામાં આવે તો માત્ર પ્રેસર મારી પાઈપ ચોખ્ખી કરી રહીશો ને માત્ર આશ્વાસન આપતું પાણી બે ચાર મહિના સારુ આવે પછી ફરીથી પાણીની તકલીફ ચાલુ થાય છે. આ વિસ્તારમાં ૩૦ જેટલા મકાનો આવેલા છે અને રહીશો પશુપાલનના ધંધા સાથે જોડાયેલા છે.પશુઓ તેમજ પોતાના માટે નું પાણી આજુ બાજુ ના કુવા કે પછી હેન્ડપંપ,બોર ઉપર જઈ ભરી લાવે છે અને પાણી પુરુ પાડે છે.

## હેન્ડ પંપ પણ શોભાના ગાંઠીયા સમાન

આ વિસ્તારમાં વર્ષો પહેલા એક હેન્ડપંપ ફાળવવામાં આવ્યો હતો. પરંતું આ હેન્ડ પંપની હાલત પણ આજે દયનીય બની છે. અને આ હેન્ડ પંપ બિસ્માર હાલત માં બંધ પડેલ છે. છતાં તંત્રદ્વારા કોઈજ પગલા લેવાતા નથી. જો સત્વરે આ પાઈપલાઈનનું કામકાજ ચાલુ નહી થાય તો આ વિસ્તારના રહીશો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરે તેવી વકી છે.

## મોડાસા શહેરમાં ગટરલાઈન બનાવવામાટે ખોદેલા

# રસ્તાઓ પર રાહદારીઓને અકસ્માત નડે બાદ તંત્ર રસ્તો બનાવશે ?

### નવરાત્રી મહોત્સવમાં ખાડા વિલન ન બને તે માટે પાલિકાને રજુઆત કરાઈ

મોડાસા, તા.૧૪

મોડાસાના નવજીવન ચોકમાં માર્ગ મરામતનું કામ ખોરંભે પડતાં રહીશો અને વેપારીઓમાં ભારે રોષ ફેલાયો છે. નવરાત્રી પહેલાં કામ પુર્ણ કરવા પાલિકામાં રજુઆત કરાઈ હતી. નગરના નવજીવન ચોકમાં છેલ્લા ૩૦ કરતાં પણ વધુ વર્ષોથી નવરાત્રીમાં ગરબા ઉત્સવણી ઉજવણી હાથ ધરાય છે.નગરના મુખ્ય માર્ગ ઉપર આવેલ ચોકમાં આસપાસના રહીશો અને નગરજનો ઉમંગભેર જોડાઈ ગરબાની ધુમ મચાવે છે.


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

પરંતુ વર્ષે નગરપાલિકા દ્વારા વિસ્તારમાં હાથ ધરાયેલ ગટર લાઈનના કામકાજ બાદ માર્ગની મોટા પાયે તોડફોડ કરાઈ છે. ગટર લાઈનનું કામકાજ પુરુ થયા બાદ તુટેલા રોડનું કામકાજ હાથ નહી ધરાતાં બિસમાર બનેલા ચોકમાં ચાલુ વર્ષે નવરાત્રી મહોત્સવની ઉજવણી સામે પ્રશ્નો સર્જાયા છે. નવજીવન નવરાત્રી મહોત્સવના પ્રમુખ વિજય પંચાલ , ઉપપ્રમુખ વિક્રમસિંહ રાઠોડ , નરસિંહભાઈ પટેલ , હસમુખભાઈ સોની અને મીતેષ પટેલ સહિતના આયોજકોએ આગામી નરવાત્રી મહોત્સવ પહેલા નવજીવન ચોકમાં માર્ગ સહિત સાઈડોનું સમારકામ હાથ ધરવા માંગ ઉઠાવી છે.

નવજીવન ચોક માઈ મંડળ દ્વારા પાલિકા પ્રમુખને કરેલી રજુઆતમાં વર્ષોથી ઉજવાતા નવરાત્રી મહોત્સવમાં વિક્ષેપ પડે નહી તે માટે સત્વરે રસ્તાનું સમારકામ કરવા માંગ કરાઈ છે. નવજીવન ચોક જયાં સર્જાયેલા ઠેરઠેર ખાડા તેમજ કાંકરીટ ના ટેકરાથી નવરાત્રી ઉત્સવ સામે પ્રશ્નો સર્જાયા છે.

# મટોડા ગામે કૂવામાં પડી જતા એકનું મોત

ખેડબ્રહ્મા, તા. ૧૪

ખેડબ્રહ્મા તાલુકાના હીગટીયા ગામમાં રહેતા બે ઈશમો શનિવારે રાત્રે પીક અપ ડાલુ લઈ આગીયા ટીફીન પહોંચાડવા જતાં મટોડા ગામ પાસે ડાલુ રોડની બાજુમાં ઉતરી પડતાં ધડાકાભેરના અવાજથી ગામ લોકો ભેગા થઈ જતાં બંને અલગ અલગ દિશામાં ભાગવા જતાં એક ઈસમ પાણીથી ભરેલા કૂવામાં પડી જતાં મોત નિપજવાના બનાવ સંદર્ભે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં અકસ્માતે મોતનો ગુનો નોંધાવા પામ્યો છે. ખેડબ્રહ્મા તાલુકાના હીગટીયા ગામના રહીશ ભાનુપ્રસાદ કેવર તથા સરતાનભાઈ રૂપાભાઈ ભગોરા શનિવારે રાત્રે સાડા આઠ વાગ્યાના સુમારે હીગટીયાથી પીક અપ ડાલુ લઈ આગીયા ગામે બનતી સ્કૂલમાં ટીફીન આપવા નીકળ્યા હતા. દરમિયાન તેઓ મટોડા ગામના પેટ્રોલ પંપ પાસેથી પસાર થતા હતા ત્યારે આકસ્મીક રીતે પીકઅપ ડાલુ રોડની બાજુમાં ઉતરી પડ્યું હતું. ડાલુ દિવાલ સાથે અથડાતા મોટો અવાજ થયો હતો. જેથી ગામ લોકો ઘટનાસ્થળે ભેગા થઈ ગયા હતા. ભાનુપ્રસાદ સરતાનભાઈ બંને ગભરાઈ જઈ અલગ અલગ દિશામાં ભાગ્યા હતા. પણ ભાનુપ્રસાદ કેવર અંધારામાં પાણીથી ભરેલા કૂવામાં પડી ગયો હતો અને ડૂબી જતાં મોત નિપજ્યું હતું જેની સોમવારે સવારે જાણ થતાં મૃતદેહ કૂવામાંથી કાઢવામાં આવ્યો હતો. આ અંગે રાકેશ ઉર્ફે સરતાનભાઈ રૂપાભાઈ ભગોરાએ ખેડબ્રહ્મા પોલીસને સોમવારે જાણ કરતાં પોલીસ અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



# વાંટા-રામપુર પાટીયા નજીક ટ્રકની ટક્કરે બાઈકચાલકનું મોત

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જિલ્લાના મોડાસા-હિંમતનગર રાજ્ય ધોરીમાર્ગ પર આવેલા મોડાસા તાલુકાના વાંટા-રામપુર પાટીયા નજીક ગામના જ યુવાનનું ટ્રકની અડફેટે અકસ્માતમાં મોત નિપજતાં ગામમાં અને પંથકમાં શોકની લાગણી ફેલાઈ અકસ્માત સર્જી ટ્રકનો ચાલક ટ્રક ઘટનાસ્થળે મુકી ફરાર થઈ ગયો હતો. મોડાસા રૂરલ પોલીસ અકસ્માતના ઘટના પગલે તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી ટ્રકચાલક વિરૂદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

મોડાસા તાલુકાના વાંટા રામપુર ગામના પાટીયા નજીક સોમવારે સવારે ગામના જ યુવાનનું ટ્રકની અડફેટે મોત નિપજતાં અરેરાટી ફેલાઈ હતી.

સોમવારે સવારે હિંમતનગરથી મોડાસા તરફ જઈ રહેલી ટ્રક (ગાડી નં. જીજે૮યુ૧૮૫૬)ના ચાલકે ટ્રક ગફલતભરી રીતે પુરઝડપે હંકારી વાંટા-રામપુરથી હિંમતનગર જઈ રહેલા ગામના જ બાઈકચાલક યુવાન દિપકભાઈ નાનાભાઈ પ્રજાપતિ (ઉં.વ. ૩૪)ની બાઈકને (ગાડી નં. જીજે૯સીએમ૫૦૭૫) ટક્કર મારતા બાઈકના ફૂરચેફૂરચા ઉડી ગયા હતા. જ્યારે બાઈકચાલક યુવાન ટ્રક નીચે આવી જતાં માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું.



અકસ્માતની ઘટનાની જાણ થતાં ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. આ અંગેની જાણ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને દાતાં મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. અને તેમની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. મોડાસા રૂરલ પોલીસે ચંદ્રકાન્ત નાનાભાઈ પ્રજાપતિની ફરિયાદના આધારે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી ફરાર ટ્રકચાલકને ઝડપી પાડવા કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

(તસવીર : જય અમીન, મોડાસા)

# સરડોઈ ગામમાં સજ્જડ બંધ પાળી ગ્રામજનોએ એસ.પી.ને આવેદનપત્ર આપ્યું

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના નાની ઈસરોલ-ભાટકોટા ગામની સીમમાં રક્ષાબંધનના દિવસે મેશ્વો નદીના ચેકડેમમાં મિત્રો સાથે રજાનો આનંદ મેળવવા ન્હાવા ગયા હતા. જેમાં એક યુવાનનું ડૂબી જવાથી મોત નિપજ્યું હતું. મૃતક પરિવારજનોએ આ મૃત્યુની ઘટના હત્યા હોવાનું જણાવી મોત અંગે ઘટતી તપાસ થાય અને પરિવારને ન્યાય મળે તે માટે સોમવારે સરડોઈ ગામના રાજપૂત સમાજ અને પરિવારજનો દ્વારા સરડોઈથી મોડાસા ડીએસપી કચેરી સુધી ૧૫ કિ.મી. રેલી કાઢી આવેદન પત્ર આપવામાં આવ્યું હતું.



મોડાસા તાલુકાના સરડોઈ ગામના યુવાનનું તા. ૨૯-૮-૧૫ના રોજ મિત્રો સાથે ચેકડેમમાં ન્હાવા જતાં ડૂબી જવાથી મોત નિપજતાં શોકની લાગણી ફેલાઈ હતી. જેમાં સરડોઈના ૨૨ વર્ષીય યુવાન યશદીપસીંહ ડૈમાતસીંહ પુવાર રક્ષાબંધનના પર્વેના દિવસે બપોરે ગામના મિત્રવર્તુળ સાથે ભાટકોટા-નાની ઈસરોલ ગામની સીમમાંથી પસાર થતી મેશ્વો નદીમાં ન્હાવા ગયા હતા. જેમાં મૃતક યુવાન ચેકડેમમાં ન્હાવા ગયા પછી મોત થતાં પરિવારજનોએ આ ઘટનામાં યુવાનની હત્યા થઈ હોવાના શંકાના પગલે આ ઘટના અંગે ન્યાયીક તપાસની માંગ કરી હતી. પરંતુ આજ દિન સુધી બનાવ સંદર્ભે જિલ્લા પોલીસે ઘટતી તપાસ કરી ન્યાય નહી મળતા મૃતકના પરિવારજનો તથા ગ્રામજનો દ્વારા સોમવારે સવારે સરડોઈ ગામેથી મોડાસા સુધી રેલી સ્વરૂપે અરવલ્લી જિલ્લા પોલીસવડાને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. સોમવારે મૃતક યુવાનના સમર્થનમાં સરડોઈ ગ્રામજનો અને દુકાનદારોએ સ્વયંભુ સજ્જડ બંધ પાળી રેલીમાં જોડાઈ મૃતક યુવાનના મોત અંગે યોગ્ય ન્યાયીક તપાસ સાથે રેલીમાં જોડાયા હતા અને અરવલ્લી જિલ્લા એસપીને રૂબરૂ મળીને પોલીસ દ્વારા યોગ્ય તપાસ કરી ન્યાયની માંગણી કરી હતી.


(તસવીર : જય અમીન, મોડાસા)

## મૃતક યુવાનની હત્યા થઈ હોવાના શંકાસ્પદ કારણો આવેદનપત્રમાં રજુ કરાયા

- મૃતક યુવાન પાણીમાં ડૂબી ગયો હોવાની મિત્રવર્તુળ દ્વારા પરિવારજનોને તાત્કાલિક જાણ ન કરાઈ મૃતક પરિવારો દ્વારા શોધખોળ કરતા યુવાનનો મૃતદેહ ચેકડેમમાંથી મળી આવ્યો.
- મૃતક યુવાનનો મોબાઈલ ફોનમાંથી સીમકાર્ડ કાઢી મોબાઈલ ફોન નદીની બાજુના ખેતરમાં નાખી દીધો હતો.
- મૃતક યુવાનના કપડા એક થેલીમાં મિત્રવર્તુળના સભ્યો દ્વારા પેક કરી બનાવવાળી જગ્યાથી ૪ કિ.મી. સરડોઈ ગામની સીમમાં મહાકાળી માતાજીના મંદિરની બાજુમાં ફેંકી દીધેલી હાલતમાં મળી આવ્યા.
- મૃતક યુવાનના મિત્રો સુખીસંપન્ન ઘરના અને બગડેલા નબીરા હોવાથી દારૂની મહેફીલ યોજી યુવાનને મોતને ઘાટ ઉતાર્યો હોવાની શંકા દર્શાવી.
- મિત્રવર્તુળ રાજકીય પીઠબળ ધરાવતુ હોવાથી પોલીસની દિશાહીન તપાસ.

# શામળાજી પોલીસે રતનપુર પાસેથી કતલખાને લઈ જવાતી ૮૦ ગાયો બચાવી

શામળાજી, તા. ૧૪

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના શામળાજી પોલીસને મળેલી બાતમીના આધારે રતનપુર ચેકપોસ્ટ નજીક સઘન પેટ્રોલીંગ અને વાહનોનું ચેકિંગ હાથ ધરી કતલખાને લઈ જવાતી ૮૦ ગાયોને બચાવી ઈડરના પાંજરાપોળ મોકલી આપવા તજવીજ હાથ ધરી ટ્રકચાલકને ઝડપી પાડવામાં આવ્યો હતો. શામળાજી પોલીસે ગેરકાયદેસર વગર પાસ પરમીટે કતલખાને લઈ જવાના ગુન્હા હેઠળ કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.



ભિલોડા તાલુકાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. આર.ટી. ઉદાવત અને ગૌરક્ષકદળની ટીમને રતનપુર ચેકપોસ્ટ પરથી ગેરકાયદેસર ગાયો ભરેલી ટ્રક પસાર થવાની બાતમી મળી હતી. શામળાજી પી.એસ.આઈ. અને તેમની ટીમ દ્વારા આજે વહેલી સવારથી જ રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકિંગ ગોઠવતાં રાજસ્થાન તરફથી આવતી શંકાસ્પદ ટ્રકની (ગાડી નં. એચઆર૩૮આર૦૪૬૩)ને અટકાવી તલાસી લેતાં તેમાંથી ગેરકાયદેસર વગર પાસપરમીટ વગર કતલખાને લઈ જવાતી ૮૦ ગાયો અતિ દયનીય હાલતમાં મળી આવતા શામળાજી પોલીસ અને ગૌરરક્ષકોએ ગાયો માટે ઘાસચારા અને પાણીની વ્યવસ્થા કરી ઈડર પાંજરાપોળ મોકલી આપવા તજવીજ હાથ ધરી હતી. શામળાજી પોલીસે ૮૦ ગાયો કિંમત રૂ. ૧,૬૦,૦૦૦ તથા ૧૦ લાખની ટ્રક મળી કુલ ૧૧૬૦૦૦૦ રૂ.નો મુદ્દામાલ જપ્ત કરી અમજદખાન સતારખાન પઠાણ (રહે. બોટલગંજ, તા. મલ્હારગઢ, જી. માસોર મધ્યપ્રદેશ)ની ધરપકડ કરી પ્રાણી અત્યાચાર નિવારણ એક્ટ હેઠળ જેલના સળીયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

(તસવીર : ધ્રુવ પ્રણામી, શામળાજી)

# ગરીબોના આવાસનો રસ્તો બંધ કરાતા કલેકટરનો આવેદનપત્ર આપ્યું

હિંમતનગર, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરમાં પાલિકા દ્વારા ગીરધરનગર, હસનનગર અને હડીયોલપુલ છાપરીયા વિસ્તારમાં ૯૦૦ જેટલા આવાસો બનાવ્યા છે. જ્યાં સુવિધાઓને લઈ વારંવાર ફરીયાદો ઉઠી રહી છે. સુવિધા અંગેની ફરીયાદોનું નિવારણ તો બાજુએ રહ્યું ત્યાં ગીરધરનગર ખાતે આવેલ ગરીબ આવાસ યોજનામાં જવા માટેનો મુખ્ય રસ્તો ગીરધરનગર સોસાયટીના રહીશોએ બંધ કરી દેતાં હોહા મચી જવા પામી છે. અને આવાસ યોજનાના મકાનમાં રહેતા



ગરીબોએ સોમવારે સાબરકાંઠા કલેક્ટર પી. સ્વરૂપને આવેદન પત્ર આપી રસ્તો ખુલ્લો કરાવવા આજીજી કરી છે. બનાવની વિગત અનુસાર ગીરધરનગર ખાતે નગરપાલિકા દ્વારા ૩૬૬ આવાસો બનાવવામાં આવ્યા છે. જ્યાં ૧૮૦૦થી ૨૦૦૦ લોકો વસવાટ કરે છે. ગરીબી આવાસ યોજના હેઠળ બનલે મકાનોની બાજુમાં ગીરધરનગર સોસાયટી આવેલી છે. આવાસ યોજનામાં જવા માટે સોસાયટીના મુખ્ય અને જાહેર માર્ગ ઉપર થઈ લોકો અવર-જવર કરતા હતા જે રસ્તો ડો. અશ્વિન પટેલના ઈશારે સોસાયટીના અન્ય રહીસોએ આપખુદશાહીથી કાયદો હાથમાં લઈ રસ્તો બંધ કરી દેતાં ગરીબો મુશ્કેલીમાં મુકાઈ જવા પામ્યા છે. ગરીબ આવાસ યોજના હેઠળ બનેલા મકાનોનો મુખ્ય રોડ બંધ કરી દેવાતા કોઈ મોટી હોનારત સર્જાય તો એમ્બ્યુલન્સ કે ફાયર ફાઈટર પણ જઈ શકે તેમ નથી. જેના કારણે ગરીબ અને વૃદ્ધ લોકોને એમ્બ્યુલન્સની સુવિધા પણ અવરોધ રૂપ બને છે. ત્યારે સત્વરે આપખુદશાહીથી બંધ કરાયેલ રસ્તો ખુલ્લો કરવામાં આવે તેવી ગરીબોની બુલંદ માંગ ઉઠી છે. ગરીબ આવાસ યોજનાના રહીશોએ રસ્તો ખુલ્લો કરવા કલેક્ટરને આવેદન પત્ર આપી ન્યાય આપવા આજીજી કરી છે. જાણવા મળ્યા મુજબ ગરીબોની રજુઆતને લઈ કલેક્ટર પી. સ્વરૂપે તપાસના આદેશ કરી રસ્તો ખુલ્લો કરવા તંત્રને હૂકમ કરતાં તંત્ર દોડતું થયું હોવાનું જાણવા મળેલ છે.

(તસવીર - મગનજીત વણજારા, હિંમતનગર)

# પ્રાંતિજના ગલતેશ્વરમાં લોકમેળો યોજાયો

પ્રાંતિજ, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ગલેસરા ખાતે આવેલ શ્રી ગલતેશ્વર મહાદેવ મંદિર ખાતે આઠસો વર્ષથી યોજાતો લોકમેળો દર વર્ષની જેમ પરમ પરંપરાગત યોજાયો હતો. જેમાં મોટુ માનવ મેળામણ ઉમટી પડ્યું હતું.

પ્રાંતિજથી સાત કિલોમીટર દૂર સાબરમતી નદી કાંઠે ગલતેશ્વર ગામે ગલતેશ્વર મહાદેવ મંદિર ખાતે પવિત્ર શ્રાવણ માસમાં દુરદુરથી લોકો મહાદેવના દર્શન કરવા આવે છે અને શ્રાવણના છેલ્લા દિવસે અમાસનો મેળો ભરાયો હતો. જેમાં ચકડોળ, ખાણીપીણી લારીઓ સહિત પાથરણા વાળા આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. અને મેળો માળવાની સાથે લોકોએ ભોળા શિવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. જ્યારે મેળામાં ગાયોનું ટોળુ પણ અચાનક આવી જતા ગાયો પણ મેળો માલવા આવી હોય તેવું લાગી રહ્યું હતું.

ત્યારે યંત્ર યુગમાં પણ જુની પરંપરાઓ આજે પણ જળવાઈ રહી છે. અને દુરદુરથી મેળામાં માનવ મહેરામણ કિડીયારાની જેમ જોવા મળી હતી. જ્યારે અમાસના દિવસે મંદિર પાસેથી પસાર થતી સાબરમતી નદીમાં શિવભક્તોએ ડુબકી મારી ધન્યતા અનુભવી હતી. જ્યારે મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા મંદિરમાં દર્શન માટે આવેલ ભક્તોને દર્શન સારી રીતે થાય તે માટેની વ્યવસ્થા કરવામાં આવી હતી અને ગરમીને લઈ ઠેર ઠેર પાણીના જગની સુવિધા પણ કરવામાં આવી હતી. પ્રાંતિજ પી.આઈ. ભરતભાઈ પટેલ દ્વારા પણ મેળામાં કોઈ અનિશ્ચિત બનાવ ન બને તે માટે પણ પોલીસ વ્યવસ્થા ગોઠવવામાં આવ્યો હતો.

# પાલનપુર અને ડીસા નગરપાલિકા ચૂંટણી સંદર્ભે ભાજપના કાર્યકરો અને ઈચ્છુક ઉમેદવારોને નિરીક્ષકો સાંભળશે

પાલનપુર, તા.૧૪

પાલનપુર અને ડીસા નગરપાલિકાની આગામી ચૂંટણી સંબંધે ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો અને ચૂંટણી લડવા ઈચ્છુક ઉમેદવારોને પાર્ટીના નિરીક્ષકો સાંભળીને આગામી ચૂંટણી માટે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા શરૂ કરાઈ છે. તે અંતર્ગત તા. ૧૬-૯-૨૦૧૫ને બુધવારે સવારે ૧૦-૦૦ વાગે ડીસા ખાતે જિલ્લા પંચાયતના ગેસ્ટ હાઉસમાં પૂર્વપ્રમુખ રાણાભાઈ દેસાઈ, જિલ્લા ઉપપ્રમુખ નૌકાબેન પ્રજાપતિ અને જિલ્લા મંત્રી રાજુભાઈ રાવલ કાર્યકરોને સાંભળશે. જયારે પાલનપુર ખાતે પણ તા. ૧૬-૯-૨૦૧૫ને બુધવારે સવારે ૧૦-૦૦ વાગે વિશ્રામગૃહ રેલવે પુલના છેડે પાલનપુર ખાતે મહામંત્રીશ્રી ગુમાનસિંહ ચૌહાણ, પ્રદેશ મહિલા મોરચાના કારોબારી સભ્ય ડો. રાજુલબેન દેસાઈ અને ઉપપ્રમુખ મેરૂજી ધુખ ઉપસ્થિત રહી કાર્યકરોને સાંભળશે.

ભારતીય જનતા પાર્ટીના પાલનપુર અને ડીસા નગરપાલિકાની ચૂંટણી લડવા ઈચ્છુક ઉમેદવારો અને કાર્યકર્તાઓને ઉપસ્થિત રહેવા મીડીયાસેલના કન્વીનર રૂપસિંગ ચૌહાણની અખબારી યાદીમાં જણાવાયું છે.